# 92

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ**

***15/4/2263 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રહ્મા):**માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી.ના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી ક્યારે, કોને, કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | (૧) | **તા**–૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી. ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેકટની કામગીરી નીચેની વિગતે સોંપવામાં આવેલ છે.<br>• ઉકત કામગીરી મે. શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી ને તા.૧૮–૧૧–૨૦૧૯ થી સોપવામાં આવેલ છે.<br>• સદર એસ.પી.વી. દ્વારા જરૂરી તમામ મંજુરીઓ મેળવી તેમજ નાણાંકીય વ્યવસ્થાપન પુર્ણ થયેથી બે વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવાની શરતે સોંપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોય તો એજન્સી સામે શા પગલાં લીધા, અને | (૨) | • નાણાકીય વ્યવસ્થાપન તા.૨૬/૦૫/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.<br>• નાણાકીય વ્યવસ્થાપન પૂર્ણ થયેથી બે વર્ષ એટલે કે તા.૨૬–૦૫–૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની થાય છે.<br>• હાલ ભૌતિક કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લાન્ટ કાર્યરત થયેલ હોય તો છેલ્લા બે વર્ષમાં કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું ? | (૩) | હાલ કામગીરી પ્રગતિ હેઠળ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------------------